મોડાસાના માઝુમ ડેમમાં પ્રતિબંધ છતાં માછીમારોનો ભારે જમાવડો

માઝુમડેમમાં આજુબાજુના લોકો આવીને બિન્દાસ માછલા મારે છે : હાલ પ્રતિબંધ હોવા છતાં મત્સ્યોદ્યોગ વિભાગ ઘોર નિદ્રામાં

મોડાસા, તા. ૭

હાલ ચોમાસુ ચાલતુ હોવાથી માછલીઓની પ્રજનનઋતુ ચાલે છે ત્યારે રાજ્ય સરકારે ચોમાસામાં માછીમારી ન કરવા માટે જાહેરનામુ બહાર પાડ્યું હોવા છતાં મોડાસાના માજૂમ ડેમમાં બિન્દાસ રીતે આજુબાજુના લોકો ઘુસીને માછીમારી કરી રહ્યા છે. આવા ગેરકાયદેસર ઘુસતા ઘુસણખોરોની સામે કડક કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

ગુજરાત રાજ્યમાં આવેલા તમામ ડેમના વિસ્તારમાં હાલ ચોમાસાની ઋતુમાં માછલીઓના પ્રજનનકાળ હોવાથી રાજ્ય સરકારે ઓગષ્ટ મહિના સુધી પ્રતિબંધ માછીમારી પર લગાવ્યો છે. આ સમય દરમિયાન માછીમારી કરી શકાતી નથી છતાં રાજ્ય સરકારના જાહેરનામાને ઘોળીને પી ગયા હોય તેમ અરવલ્લી જિલ્લાના મોડાસા નજીકના વોલ્વા ગામ પાસે આવેલા માઝુમડેમમાં ગેરકાયદેસર માછીમારી થઈ રહી છે. આજુબાજુના ગામમાંથી આવતી ૧૦ થી વધુ યુવાનોની ટોળી કાંટાનો અને જાળીનો ઉપયોગ કરીને બિન્દાસ માછીમારી કરે છે અને બજારભાવ ૧૫૦ રૂ. કિલો હોવા છતાં મફતમાં પચાવેલો માલ રૂ. ૧૦૦ના ભાવે વેચી નફો રળી લે છે. આ યુવાનોની ટોળી ગેરકાયદેસર પ્રકૃતિ દ્વારા મેળવેલ માછલીઓ વેચીને માછલીઓના પ્રજનન કાળમાં મોટી સમસ્યા પેદા કરે છે. આવા ગેરકાયદેસર ઘુસણખોરોને રોકવા માટે મસ્ત્યોદ્યોગ વિભાગ તથા માઝુમ ડેમના સત્તાવાળાઓ દ્વારા હાથ ધરી જરૂરી પગલા ભરે તેવી મોડાસાના પ્રકૃતિપ્રેમીઓની માંગ છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

બાયડના યુવાનની હરિયાળી ક્રાંતિ ક્ષેત્રે અનોખી સિદ્ધિ

નવા પ્રકારની ખેતીથી પ્રતિ ૪ વર્ષે લાખો રૂપિયાની આવક ૫૦ વર્ષ સુધી મેળવી શકાશે : રોયલ ટ્રી નામના છોડનું ૭૦ વીઘા પથરાળ જમીનમાં વાવેતર કરાયું

મોડાસા, તા. ૦૭

અરવલ્લી જીલ્લા ના બાયડ તાલુકાના એક યુવાને ખેતી સેત્રે અવનવું કરવાની વિચાર સરની રાખી પથરાળ અને બિન ઉપજાઉ જમીન પર ૭૦ વીઘા માં રોયલ ટ્રી તરીકે ઓંળખાતા વુક્ષ જેમાંથી પ્લાયવુડ બને છે તેનું નું ૭૦ વીઘા માં વાવતેર કરી તેનો સફળ પ્રયોગ કરતા ખેતી સેત્રે નવી ક્રાંતિ નો ઉદય થયો છે

બાયડ ના એક યુવાન અમિત જયસ્વાલ ને બગાસું ખાતા પતાસું મળ્યું હોય તેવું ખેતીસેત્રે થયું હતું બગીચાઓનું કામ કરતી વખતે આ રોયલ ટ્રી તરીકે આળખાતા છોડ મળી આવતા તેનો વિસ્તુર્ત અબ્યાસ કર્યા બાદ આ છોડ અંગે જાણકારી મેળવી તેના અનેક ફાયદા જોઈને આ વુક્ષ ની ખેતી મોટાપાયે કરવા કમર કસી લીધી હતી નવું કરવાની નેમ ધરાવતા અમિત જયસ્વાલ એ બાયડ નજીક આવેલા સિમલી કમ્પા નજીક પથરાળ જમીન અને બિન ઉપજાઉ જમીન પર આ ખેતી કરવાની સરુઆત કરી છે એક જ વખત છોડનું વાવેતર કર્યા બાદ ૫૦ વર્ષ સુધી આ વુક્ષ એટલેકે રોયલ ટ્રી તેમાંથી ખેડૂત ને મબલખ આવક દર ચાર વર્ષે મેળવી આપે છે રોયલ ટ્રી ના છોડ ૨ થી ૩ ઈંચ ચાઈ આવ્યા બાદ તેની માવજત કરીને આ છોડ જયારે ૯ થી ૧૨ ઈંચ નું થાય ત્યારે બાદ તેનું વાવેતર કરવામાં આવે છે વાવેતર ના એક વર્ષ ના સમય ગાળાબાદ ૧૫ ફૂટ કરતા વધુ ચાઈ મેળવવા બાદ આ વુક્ષ ૪ વર્ષે ૫૦ ફૂટ થી વધુ ચાઈ અને ૫૪ ઈંચ થી વધુ થી માંડી ને ૬૦ ઈંચ ની ગોળાઈ નું થઈ જાય છે દર ૪ વર્ષે કાપની કર્યા બાદ ૧ વીઘા માંથી ૧૫ થી ૨૦ લાખ રૂપિયા નું ઉત્પાદન મેળવી સકાય છે દર ૪ વર્ષે આ વુક્ષ ૫૦ વર્ષ સુધી આવક રળી આપતું હોવાથી આ ખેતી ખેડૂતો માટે સોનાની મુરઘી સમાન કરી સ્કાય.

રોયલ ટ્રી નામના આ વુક્ષ ની માંગ પ્લાયવુડ ઈન્ડા સ્ત્રીજ માં સોથી વધુ રહેલી છે જેમાંથી વિનીપ્ર બનવવા માં આવે છે સાગ જેવી ફિગર ધરાવતી આ વુક્ષના લાકડામાંથી બનતું વિનીપર પ્લાયવુડ ની સીટ ના ઉપરના પડ પર લગવવા માં આવે છે ત્યારે આ વુક્ષ ના પાનનો રસ કિટનાશક રસાયણ બનાવવા પણ થઈ રઝ્ઝો છે આ વુક્ષ માંથી ભાવિસયમાં બાયો એનર્જી ઉત્પન્ન થઈ શકવાની પૂર્ણ શક્યતાઓ પણ જણાઈ રહેલ છે .

અરવલ્લી જીલ્લા ના બાયડ તાલુકા ના નવયુવાન ખેડૂતે ખેતી સેત્રે ક્રાંતિ આવે તેવી અનોખી ખેતી કરતા રોયલ ટ્રી નામના વુક્ષ ની ખેતી જોવા અનેક જગ્યા એથી ખેડૂતો પણ મુલાકાત લઈ રઝ્ઝા છે ત્યારે પ્લાયવુડ ઈન્ડાસ્ત્રીજ માટે સોથી અગત્યના વુંક્ષ સમગ્ર ગુજરાત માં અરવલ્લી જીલ્લા માં સોપ્રથમ વાર જ વળવા હોવાથી આગામી દીવ્શોમાં હરિયાળી ક્રાંતિ અરવલ્લી જીલ્લા નું નામ અગ્રેસર બની રહશે તેમાં કોઈ શક્યતા નથી.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

હિંમતનગરના આર્મી ભરતી કેમ્પમાં બનાવટી

ડોમેશિયલ સર્ટી રજૂ કરનારા ૯ ઉમેદવારો વિરુદ્ધ ફરિયાદ

૯ ઉમેદવારો હરિયાણાના હોવાનું બહાર આવ્યું

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના ભોલેશ્વર ખાતેના સાબર સ્ટેડિયમમાં તા.૧૦ માર્ચ ૨૦૧૫ થી થી તા.૧૯ માર્ચ ૨૦૧૫ સુધી યોજાયેલ આર્મી ભરતી પ્રક્રિયા દરમિયાન આર્મીમાં નોકરી મેળવવા સારુ ગાંધીનગર મામલતદાર કચેરીના ખોટા સહીસિક્કા સાથે બનાવટી ડોમેશીયલ સર્ટીફીકેટો રજૂ કરવાના કૌભાંડનો પર્દાફાશ થવા પામ્યો છે. જે મામલે આર્મીના રીક્રુટમેન્ટ ઓફિસરે સોમવારે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગાંધીનગરના નવ યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

આ અંગે બીડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાઝ્ઝ વિગત અનુસાર ગત તા.૧૦ માર્ચ ૨૦૧૫ થી તા.૧૯ માર્ચ ૨૦૧૫ સુધી હિંમતનગરના ભોલેશ્વરમાં આવેલા સાબર સ્ટેડિયમ ખાતે આર્મીની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે સમય દરમિયાન ગાંધીનગરના વિવિધ સ્થળે રહેતા તેમજ ભરતી પ્રક્રિયા સાથે જોડાયેલા નવ ઉમેદવારોએ ગાંધીનગર મામલતદાર કચેરી ખોટા સહીસિક્કા સાથેના ડોમેશીયલ સર્ટીફીકેટી બનાવી આ સર્ટીફિકેટો ભરતી પ્રક્રિયાના અધિકારી સમક્ષ રજુ કર્યા હતા. દરમિયાનમાં ભરતી બોર્ડના નિયમ મુજબ ગાંધીનગરના ઉમેદવારો દ્વારા રજૂ કરાયેલા સર્ટીફીકેટો તેમજ દસ્તાવેજોની ખરાઇ કરાતા ગાંધીનગરના નવ ઉમેદવારો દ્વારા રજૂ કરાયેલ ડોમેશીયલ સર્ટીફીકેટ બનાવટી હોવાનું ગાંધીનગર મામલતદાર કચેરીને જણાયુ હતું. જેથી તેઓએ ભરતી પ્રક્રિયાના અધિકારીને આ અંગે જાણ કરી હતી.

દરમિયાનમાં આર્મીમાં નોકરી મેળવવા સારુ ગાંધીનગરના નવ ઉમેદવારોએ બનાવટી ડોમેશીયલ સર્ટીફીકેટો રજૂ કરાયાનું ધ્યાને આવતા આર્મી રીક્રુટેમન્ટ ઓફિસર સંપ્પુસિંગ રામસિંગએ સોમવારે ગાંધીનગરના નવ યુવક ઉમેદવારો વિરૂધ્ધ હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નવ જણા વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ મુજબ મામલો દર્જ કરી સમગ્ર પ્રકરણની વધુ તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે આ તમામ ઉમેદવારો હરિયાણાના રહેવાસી છે અને તેમણે ગાંધીનગરમાં અલગ અલગ વિસ્તારમાં રહેતા હોવાનું સર્ટી એ પણ ખોટું બનાવ્યું છે તેવું હિમતનગર બીડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ સી.વી.નાયકે જણાવ્યું હતું.

કયા ઉમેદવારો વિરૂધ્ધ ફરિયાદ

- અજયકુમાર અમીરસિંગ જાટ (રહે.વિરાટનગર, સેકટર૩૦ ગાંધીનગર)
- અનિલકુમાર પ્રેમસિંગ જાટ (રહે.ઈન્દીરાનગર, સેકટર૨૪ ગાંધીનગર)
- મોનુ જોરાસિંગ જાટ (રહે.વિરાટનગર, ગાંધીનગર)
- સોનુ રાણા છોટેલાલ જાટ (રહે.વિરાટનગર, ગાંધીનગર)
- દીપકકુમાર સતબીરસિંગ જાટ (રહે.વિરાટનગર,ગાંધીનગર)
- વિજયકુમાર સુરેશકુમાર જાટ (રહે.વિરાટનગર, ગાંધીનગર)
- અનિલકુમાર કિશનકુમાર જાટ (રહે.સેકટર૭એ, ગાંધીનગર)
- વિકાસ સુરેન્દ્રસિંગ જાટ (રહે.ઈન્દીરાનગર, ગાંધીનગર)
- રાકેશકુમાર દિનેશકુમાર જાટ (રહે.ઈન્દીરાનગર, ગાંધીનગર)

ધનસુરામાં નવીન કોર્ટ સંકુલનો પ્રારંભ

ધનસુરા ખાતે અંદાજે ૭ કરોડના ખર્ચે કોર્ટનું નવુ સંકુલ તૈયાર કરવામાં આવ્યું છે. જેનો ઉદઘાટન સમારંભ તાજેતરમાં યોજાયો હતો.

આ ઉદઘાટન સમારંભમાં ઉદઘાટક તરીકે જજ આઈ.સી. શાહ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, દિલીપસિંહ પરમાર, હેસિતાબેન પટેલ, બાર કાઉન્સીલના પ્રમુખ ભીખાભાઈ પટેલ સહિત રાજકીય આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ધનસુરાના સિવિલ જજ વી.જે. ચૌહાણે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. અંતે કાર્યક્રમની આભારવિધિ એડવોકેટ એલ.બી. ઠાકોરે કરી હતી.

શબ્દાવલી - ૫૭૮૨



આડી ચાવી

૧. ગાંધી બાપુનું જન્મ સ્થળ(૫)
૫. ગુંડલા, લોથનાં ગોળિયા(૨)
૭. ચોકીદાર, પગી (૪)
૯. એક ફળ (૪)
૧૧. બે હાથ એકબીજા સાથે અથડાવી કરાતો અવાજ (૨)
૧૪. બગીચો, બાગ (૨)
૧૫. એક મિઠાઇ (૫)
૧૮. અદલાબદલી (૪)
૧૯. ડાઘો, ધબ્બો (૨)
૨૦. ફરાળી લોટ જેવો શીરો થાય (૪)
૨૧. રસોડું, બાવર્ચીખાનું (૫)
૨૨. મોઢાનું ચીકણું પ્રવાહી (૨)

ઊભી ચાવી

૧. પોલ, ખોખલું (૪)
૨. પ્રાર્થના, સ્તુતિ (૩)
૩. છિદ્ર, બખોલ (૨)
૪. મોકલવું, જવા દેવું (૩)
૬. મુશ્કેલી, તકલીફ (૩)
૮. એક ગામડું (૪)
૧૦. નાનું પડીકું, પરવા (૨)
૧૨. લીટા (૩)
૧૩. ગપ્પા મારવા (૩)
૧૬. 'પાન' શબ્દ ઊંધો (૨)
૧૭. કંઇ અસર ના થાય તેવું(૪)
૧૮. શિંગડાવાળું હરણ જેવું(૪)
૧૯. જોકર જેવો, ... જેવો (૩)
૨૦. વાટ, રસ્તો (૨)

શબ્દાવલી ૫૭૮૧ના જવાબ

આડી ચાવી :- (૧) પરસેવો (૪) ખોપડી (૬) જકડાવું (૮) વાની (૧૦) રઘુ (૧૧) ઝોકુ (૧૨) નોકર (૧૪) આળી (૧૫) ટમટમીયું (૧૮) આતમા (૧૯) તર (૨૦) કામણ (૨૧) મેદવીસ્તા (૨૨) પાંખ (૨૩) રજ

ઊભી ચાવી :- (૧) પરવાનો (૨) સેજ (૩) વોકર (૪) ખોવુ (૫) ડીચકુ (૭) ડાઘુ (૯) નીકટતમ (૧૧) ઝોળી (૧૩) રમમાણ (૧૪) આયુ (૧૬) મીનમેખ (૧૭) સરતાજ (૧૮) આકાશ (૧૯) તસ્વીર

કુબાધરોલ નજીક આવેલ જીનમાં આગ લાગતા વ્યાપક નુકસાન

હિંમતનગર, તા. ૭

વડાલી તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા કુબાધરોલ પાસેની એક જીનમાં મંગળવારે અચાનક આગ લાગતા કપાસની ૧૫૦ ગાંસડી અને ૪૦૦ મણ દીવેલા બળી ગયા હતા. જોકે આગને કાબુમાં લેવા માટે ત્રણ ફાયર ફાયટરોની મદદ લેવાઇ હોવા છતાં જીનના મકાનને નુકશાન થયુ છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલી કંપાથી કુબાધરોલ માર્ગ પર આવેલ ભીષ્મ એગ્રો રિસર્ચ બાયોટેક જીનમાં મંગળવારે સવારના સુમારે અચાનક આગ લાગી ઉઠી હતી. જેથી ધુમાડાના ગોટ નીકળતા જીનના કર્મચારીઓએ તરત જ આગને કાબુમાં લેવા માટે પ્રયાસ કર્યો હતો. તેમ છતાં આગ ઓલવાઇ ન હતી. જેથી વડાલી નગરપાલિકાના ફાયર વિભાગમાં જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઇડર અને ખેડબ્રહ્માથી પણ તાબડતોબ ફાયર ફાયટર મંગાવાયા હતા અને મહામુસીબતે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

આ અંગે વડાલીના મામલતદાર સી.વી.પટેલને જાણ થતાં તેઓ પણ દોડી આવ્યા હતા. આગ લાગવાને કારણે ૧૫૦ ગાંસડી રૂ અને ૪૦૦ મણ દીવેલા બળી જતા જીન માલિકને નુકશાન થયુ છે.

સાવનકૃપાલ રૂહાની મિશન દ્વારા અસરગ્રસ્તોને ૪ હજાર પેકેટ રાહત સામગ્રી અપાઈ

લલીત કનોજીયાની ટીમે પુરગ્રસ્તોને રાહત સામગ્રી વહેચી : પરમ સંત રાજીન્દરસિંહજી મહારાજ પ્રેરીત સાવનકૃપાલ રૂહાની મિશન સેવાકીય પ્રવૃત્તિ માટે જાણીતુ છે

મોડાસા, તા. ૭

પરમસંત મહારાજ પ્રેરીત સાવનકૃપાલ રૂહાની મિશન દ્વારા સૌરાષ્ટ્રમાંઆવેલ પુરગ્રસ્તોને ૪ હજારથી વધુ પેકેટ રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમની સેવાકીય પ્રવૃત્તિને અમરેલી પંથકના પૂરગ્રસ્તોએ વ્યાપક આવકાર આપ્યો હતો.

પરમ સંત રાજીન્દરસિંહજી મહારાજ પ્રેરીત સાવન કૃપાલ રૂહાની મિશન એક સેવાકીય પ્રવૃત્તિ કરતી વિશ્વ સેવલ નામના પાત્ર સંસ્થા છે. તેના અનુયાયીઓ સાબરકાંઠા તથા અરવલ્લી સહિત વિવિધ વિસ્તારમાં મોટા પ્રમાણમાં વસે છે. તાજેતરમાં જ અતિવૃષ્ટિના કારણે અમરેલી પંથકમાં આવેલા પૂરમાં હજારો લોકો બેઘર થયા હતા ત્યારે પોતાની ફરજ સમજીને સાવનકૃપાલ રૂહાની મિશનના ગુજરાત ઝોનલ ઈન્ચાર્જ લલીત કનોજીયાની આગેવાની હેઠળની ૭ સભ્યોની બનેલી ટીમે પોતાનું વાહન લઈને પહોંચી જઈને બાબાપુર, પાણીયા, ખારી, ખીજડીયા, સારણપીપળીયા, મોટાકણકોટ સહિતના ૧૨ જેટલા ગામોમાં ૪ હજારથી વધુ ફૂડપેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમાંય ખાસ કરીને બાબાપુર ગામના રહેવાસીઓની હાલત કફોડી હતી અહીં ઉપર આભ નીચે ધરતી જેવા દૃશ્યો જોવા મળ્યા હતા. આ વિસ્તારમાં ખેતરોમાં રેતી ફરી વળતાં ૧૦ વર્ષ ખેતી ના થઈ શકે તેવી પરિસ્થિતિ પેદા થઈ છે. સાવનકૃપાલ રૂહાની મિશનના સભ્યોએ ઉબડખાબડ, કાદવકીચડવાળા રસ્તે પસાર થઈને અસરગ્રસ્તોને ફૂટપેકેટ પહોંચાડ્યા હતા. આ અંગે ગુજરાત ઝોનલ ઈન્ચાર્જ લલીત કનોજીયા તથા સ્વયંસેવક ચિરાગભાઈ પંચાલે જણાવ્યું કે અસરગ્રસ્તોને ફૂડપેકેટ વિતરણ કર્યા બાદ ખીજડીયા, ખારી જેવા ગામોમાં વડીલોની વ્યથા સાંભળતા સત્સંગ કરવામાં આવ્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

પ્રાંતિજના ઉછામાં સહકારી મંડળીના ચેરમેન સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉછા ગામે આવેલ ગ્રુપ સેવા સહકારી મંડળીના ચેરમેન દ્વારા પોતાની સત્તા અને હોદ્દાનો દુર ઉપયોગ કરી રૂપિયા ૭૦૦૦૦ની ઉચાપત કરતાં તેમના વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કુંવરભાઈ ડાહ્યાભાઈ બારોટ રહે. ઉછા, તા. પ્રાંતિજ દ્વારા ફરિયાદ કરતાં પોલીસે કોદરભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના ઉછા ગામે આવેલ ગ્રુપ સેવા સહકારી મંડળીમાં ચેરમેન તરીકે ફરજ બજાવતા પટેલ કોદરભાઈ કાળીદાસ રહે. ઉછા દ્વારા પોતાના હોદ્દાનો દુર ઉપયોગ કરી પોતે પોતાની સત્તાનો ઉપયોગ કરી ખોટા ખોટા સભાસદો ઉભા કરી સભાસદોના નામે રૂપિયા ૭૦૦૦૦નું ધિરાણ મંડળીના હિસાબમાં ખોટી રીતે ઉધારી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે ત્યારે પ્રાંતિજ પોલીસે કોદરભાઈ કાળીદાસ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલાજપુર માર્ગ પર રોડ સાઈડમાં સુતેલા ઈસમ પર ડમ્પર ચઢી જતાં મોત

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના સવગઢની સીમમાં પોલાજપુર તરફ જવાના માર્ગ પર સોમવારે રોડ સાઈડમાં જમીન ઉપર સુતેલા એક ઈસમ પર ડમ્પર ચાલકે બેફામ ગતિએ વાહન હંકારી ઉપર ચઢાવી દેતા ચગદાઈ જતા ગંભીર ઈજાઓ થઈ હતી. પોલાજપુરના ઈસમનું ગંભીર ઈજાઓના કારણે મોત થયુ હતું. જયારે ડમ્પર ચાલક ઘટના બન્યા બાદ ભાગી છુટયો હતો. મૃતકના પુત્રએ અકસ્માતની ઘટના અંગે નાસી છુટેલા ડમ્પર ચાલક વિરૂધ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અકસ્માતની ઘટના અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાઝ્ઝ વિગત અનુસાર તાલુકાના પોલાજપુર ગામના અનવરસિંહ પરમાર સોમવારે બપોરના ત્રણેક વાગ્યાના સુમારે પોલાજપુર તરફ જવાના માર્ગ પર જમીન પર સુઈ રઝ્ઝા હતા. તે દરમિયાન ડમ્પર નં.જીજે.૯.ઝેડ. ૧૨૬૪ના ચાલક જગાભાઇ તલાભાઇ વાઘેલાએ બેફામ ઝડપે અને બેફિકરાઇથી ડમ્પર હંકારી જમીન પર સુતેલા અનવરસિંહ પર ચઢાવી દીધુ હતું. જીવલેણ અકસ્માતની ઘટના દરમિયાન ડમ્પરના વ્હીલ અનવરસિંહના પેટના ભાગે ચઢી જતા ગંભીર રીતે ઘવાયા હતા. બાદમાં ગણતરીના કલાકોમાં જ પોલાજપુરના ઈસમનું મોત નિપજયુ હતું.

બનાવ અંગેની મૃતકના પરિવારજનોને જાણ થતાં પુત્ર મુકેશસિંહ અનવરસિંહ પરમાર સહિતના સગા વ્હાલા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બનાવ અંગે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા ગ્રામ્ય પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જોકે અકસ્માતની આ ઘટના દરમિયાન ડમ્પરનો ચાલક ઘટના સ્થળેથી ભાગી છુટયો હતો. મૃતકના પુત્ર મુકેશસિંહ પરમારે ડમ્પર ચાલક જગાભાઇ તલાભાઇ વાઘેલા (રહે.ગઢા, તા.હિંમતનગર) વિરૂધ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ ખાતે ૧૧ કુંડીય મારૂતિ મહાયજ્ઞ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ રામદ્વારા મંદિરના વિશાળ ચોકમાં ૧૧ કુંડીય શ્રી મારૂતિ મહાયજ્ઞ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યજ્ઞ બાદ ધર્મ સભામાં ફેરવાઈ હતી.

પ્રાંતિજમાં વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ તથા બજરંગદળ દ્વારા પ્રાંતિજ નગરમાં હિન્દુ જાગરણ માટે હનુમાન ચાલીસા પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૈત્ર સુદ - ૧ ને શનિવાર તા. ૨૧-૩-૨૦૧૫થી અષાઢ વદ-પને સોમવાર તા. ૬-૭-૨૦૧૫ સુધી ૧૦૮ દિવસ હનુમાન ચાલીસા પ્રાંતિજ ખાતે વિવિધ હિન્દુ વિસ્તારોમાં યોજાઇ હતી.

જેમાં પાઠ પૂર્ણાહુતિ દિવસે રામદ્વાર મંદિરના વિશાળ ચોકમાં ૧૧ કુંડીય મારૂતિ મહાયજ્ઞનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં અગિયાર નવદંપત્તિઓએ યજ્ઞમાં ભાગ લીધો હતો. જ્યારે પ્રાંતિજ તથા તાલુકામાંથી ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભોજન સ્વરૂપે પ્રસાદ લઇ ધન્યતા અનુભવી હતી. ત્યારે આ પ્રસંગે પં.પૂ. ડૉ. ગૌરાંગશરણા દેવાચાર્યજી, પ.પૂ. સુનિલદાસજી મહારાજ, ડૉ. કૌશિકભાઈ મહેતા, અમૃતજી ઠાકોર, જયંતિભાઈ પટેલ, ભીમગીરી ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે ધાર્મિક ચર્ચાઓ બાદ લવ જેહાદી મુદ્દે ચર્ચાઓ તથા રામમંદિરના નિર્માણની ચર્ચાઓ કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ તથા બંજરંગદળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ શહેર પ્રમુખ સુનિલ બી. કડીયા (વિહિપ), હિંમતનગર જિલ્લા બજરંગ દળ સંયોજક મેહુલ બી. પટેલ (વિહિપ) અરવિંદભાઈ ખમાર (પશારાજા) વગેરે ગણેશ યુવક મંડળ નાની ભાગોળ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નટુભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.